ઈ-મેઈલ

ક્રમાંક: ઘ/માધ્ય/પરચ/૨૦૨૨/૬૩૧૩૫-૧૬૬

કમિશનર શાળાઓની કચેરી,
૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર
તા.૨૦/૦૮/૨૦૨૨

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય : અગિયારમી સ્વામી વિવેકાનંદ વિષયક લેખિત ક્વિઝ સ્પર્ધા બાબત.
સંદર્ભ : અધ્યક્ષશ્રી, શ્રી રામકૃષ્ણ આશ્રમ, રાજકોટની તા.૨૫/૬/૨૦૨૨ ની રજૂઆત.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, વિદ્યાર્થીઓમાં ચારિત્ર્ય નિર્માણ થાય અને રાષ્ટ્રીય ભાવના જાગે તેવા ઉમદા હેતુથી પ્રતિવર્ષ શ્રી રામકૃષ્ણ આશ્રમ, રાજકોટ દ્વારા સ્વામી વિવેકાનંદની જન્મજયંતીના ભાગરૂપે રાજ્ય સ્તરીય સ્વામી વિવેકાનંદ વિષયક લેખિત ક્વિઝ સ્પર્ધા યોજવામાં આવે છે.

જે અંતર્ગત ધોરણ ૯ થી ૧૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે અગિયારમી સ્વામી વિવેકાનંદ વિષયક લેખિત ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. જે અંગેની નિયમાવલિ અને અંદાજિત સમયપત્રક આ સાથે સામેલ રાખેલ છે. ઉક્ત વિગત અન્વયે આપના જિલ્લાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આ સ્પર્ધા યોજાય તથા વધુમાં વધુ વિદ્યાર્થીઓ આ સ્પર્ધામાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત થાય તે માટે આપની કક્ષાએથી તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જાણ કરવા/જરૂરી સૂચના આપવા જણાવવામાં આવે છે.

બિડાણ : ઉપર મુજબ.

સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા., ગાંધીનગર.

નકલ રવાના :
અધ્યક્ષશ્રી, શ્રી રામકૃષ્ણ આશ્રમ, ડૉ. યાજ્ઞિક રોડ, રાજકોટ-૩૬૦૦૦૧.

Fax : 0281 - 2480404
E-mail : rkmrajkot@gmail.com
Website : www.rkmrajkot.org

**Ramakrishna Ashrama**
Dr. Yagnik Road, Rajkot - 360 001.
Ph. 0281-2465200, 2463000

કમિશનર શાળાઓની કચેરી
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
02 AUG 2022
18636

તા. ૨૫.૦૬.૨૦૨૨

પ્રતિ,
સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,
બ્લોક નં. ૯/૧,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
સેક્ટર -૧૦, ગાંધીનગર

**વિષય : અગિયારમી સ્વામી વિવેકાનંદ વિષયક લેખિત ક્વીઝ સ્પર્ધા અંગે.**

માનનીયશ્રી,

સાદર ઉપરોક્ત વિષયે જણાવવાનું કે દર વર્ષની જેમ સ્વામી વિવેકાનંદની જન્મજયંતીની ઉજવણીના ભાગરૂપે શ્રી રામકૃષ્ણ આશ્રમ, રાજકોટ તરફથી રાજ્ય સ્તરીય અગિયારમી સ્વામી વિવેકાનંદ વિષયક લેખિત ક્વીઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે.

આ સ્પર્ધા યોજવાનો ઉમદા હેતુ વિદ્યાર્થીઓમાં ચારિત્ર્ય નિર્માણ થાય, રાષ્ટ્રીય ભાવના જાગે અને સારા નાગરિકોનું ઘડતર થાય તે છે.

તમામ માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આ ક્વીઝ સ્પર્ધા યોજવા માટે આચાર્યોને પ્રેરિત કરવા તેમજ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા ખાસ પરિપત્રથી તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને આપશ્રી દ્વારા અનુરોધ કરવા નમ્ર વિનતી છે.

ભવદીય,

સ્વામી નિખિલેશ્વરાનંદ
(સ્વામી નિખિલેશ્વરાનંદ)
અધ્યક્ષ
શ્રી રામકૃષ્ણઆશ્રમ, રાજકોટ

Whatsapp : 63553 31340
Mobile : 96015 00750
E-mail : rajkotsvquiz@gmail.com
Website : www.rkmrajkot.org

SHRI RAMAKRIHNA ASHRAMA
Dr. Yagnik Road, RAJKOT – 360 001.

## રાજ્ય સ્તરીય

## અગિયારમી સ્વામી વિવેકાનંદ વિષયક લેખિત ક્વિઝ સ્પર્ધા: ૨૦૨૨ – ૨૩

## નિયમાવલી

૧. આ સ્પર્ધામાં ધો. ૯ થી ૧૨ માં ભણતા વિદ્યાર્થીઓ ગુજરાતી અથવા અંગ્રેજી ભાષામાં પોતાની શાળા મારફતે ભાગ લઈ શકશે.

૨. પ્રવેશ શુલ્ક રૂ. ૨૦/- (રૂપિયા વીસ પૂરા) રહેશે. તમામ સ્પર્ધકોને 'સહુના સ્વામી વિવેકાનંદ' પુસ્તક શાળા મારફતે ભેટ મળશે, જેના આધારે સ્પર્ધા યોજાશે.

૩. શાળાઓએ તેમના સ્પર્ધકોની પ્રવેશ શુલ્કની રકમનો **D.D.** અથવા **રાષ્ટ્રીયકૃત બેન્કનો A/c Payee Cheque** આ સાથે નિયત નમૂનાના પત્રકમાં **શનિવાર, ૧૦/૦૯/૨૦૨૨** સુધીમાં વિગતો ભરી ઉપરોક્ત સરનામે મોકલી આપવાનો રહેશે. **D.D.** અથવા **A/c Payee Cheque "શ્રી રામકૃષ્ણ આશ્રમ, રાજકોટ"** નાં નામે કઢાવવાનો રહેશે.

૪. શાળાઓએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમના સ્પર્ધકોની યાદી અલગ અલગ આપવાની રહેશે. જો પાછળથી સ્પર્ધકો વધે તો અગાઉનો રેફરન્સ આપીને વધારાની માહિતી આપવાની રહેશે.

૫. **આ પુસ્તક શનિવાર, ૦૮/૧૦/૨૦૨૨ સુધીમાં મોકલી આપવામાં આવશે. જો આ પુસ્તક સમયસર ન મળે તો શાળાએ તે મેળવી લેવા તાત્કાલિક મોબાઈલ નંબર: ૬૩૫૫૩૩૧૩૪૦/૯૬૦૧૫૦૦૭૫૦ ઉપર સંપર્ક કરવો.**

૬. શાળાઓએ આ પુસ્તક બુધવાર, તા. ૧૯/૧૦/૨૦૨૨ સુધીમાં દરેક સ્પર્ધકને આપી દેવાનું રહેશે.

૭. શાળા કક્ષાની આ સ્પર્ધા ગુરૂવાર, તા. ૨૪/૧૧/૨૦૨૨ ના રોજ સવારે ૧૧.૦૦ થી ૧૨.૦૦ ના સમયે પોતાની શાળામાં યોજવાની રહેશે.

૮. **શાળા કક્ષાની આ સ્પર્ધા ૫૦ ગુણની ઓ. એમ. આર. સિસ્ટમથી યોજાશે અને પ્રશ્નપત્રો શાળાઓને અગાઉથી બંધ કવરમાં શ્રીરામકૃષ્ણ આશ્રમ, રાજકોટ તરફથી મોકલી આપવામાં આવશે. સ્પર્ધાના દિવસે જ કવર ખોલવાનું રહેશે.**

૯. સ્પર્ધાના પ્રશ્નોના જવાબની ચકાસણી શાળા કક્ષાએ દરેક શાળામાં આચાર્યશ્રીએ કરવી લેવાની રહેશે. સાચા જવાબ (આન્સર-કી) માટેની વિગતો પ્રશ્નપત્રોની સાથે અલગ બંધ કવરમાં શ્રીરામકૃષ્ણ આશ્રમ, રાજકોટ દ્વારા મોકલવામાં આવશે.

૧૦. શાળાના આચાર્યશ્રીઓને સૂચિત કરવાનું કે આ જવાબો (આન્સર-કી) વાળું કવર સ્પર્ધા પૂરી થયા બાદ જ ખોલવું અને પ્રશ્નપત્રની ચકાસણી કરવા માટે જ તેનો ઉપયોગ કરવો. તે ઉપરાંત આન્સર-કી સ્પર્ધા

૧૩. શાળા કક્ષાએ પ્રથમ ક્રમાંકે આવેલ સ્પર્ધકને જિલ્લા કક્ષાની સ્પર્ધામાં મોકલવાના રહેશે. જો એક કરતાં વધુ સ્પર્ધકો પ્રથમ ક્રમાંક મેળવે તો શાળાના આચાર્યશ્રીએ તેમાંથી પસંદગી કરી માત્ર એક જ સ્પર્ધકને જિલ્લા કક્ષાની સ્પર્ધામાં મોકલવાના રહેશે. દરેક શાળાના પ્રથમ ક્રમાંક મેળવનારને પુરસ્કૃત કરવામાં આવશે.

૧૪. **જો શાળામાં અંગ્રેજી તેમજ ગુજરાતી માધ્યમ બંને હોય તો બંને માધ્યમના એક-એક પ્રથમ નંબરને જિલ્લા કક્ષાએ મોકલવાના રહેશે.**

૧૫. **જિલ્લા કક્ષાની સ્પર્ધા મંગળવાર, ૧૭/૦૧/૨૦૨૩ ના રોજ સવારે ૧૧.૦૦ થી ૧૨.૦૦ ના સમયે યોજાશે. પ્રશ્નપત્રની વ્યવસ્થા શ્રીરામકૃષ્ણ આશ્રમ, રાજકોટ દ્વારા થશે જ્યારે બાકીની તમામ વ્યવસ્થા જિલ્લા શિક્ષણાધિકારીનાં માર્ગદર્શન હેઠળ ગોઠવાશે. આ સ્પર્ધા ૫૦ ગુણની રહેશે, જેમાં ૪૦ ગુણ ઓ.એમ.આર. સિસ્ટમ તથા ૧૦ ગુણ વર્ણનાત્મક પ્રકારના પ્રશ્નોના રહેશે.**

૧૬. જિલ્લા કક્ષાની સ્પર્ધાનાં જવાબપત્રો શ્રીરામકૃષ્ણ આશ્રમ, રાજકોટ દ્વારા તપાસવામાં આવશે.

૧૭. જિલ્લા કક્ષાની સ્પર્ધાનું પરિણામ તથા તેના જ આધારે રાજ્યકક્ષાના સ્તરનું પરિણામ શ્રીરામકૃષ્ણ આશ્રમ, રાજકોટ દ્વારા **ગુરુવાર, ૨૬/૦૧/૨૦૨૩** ના રોજ જાહેર થશે જે અમારી વેબસાઈટ www.rkmrajkot.org પર મૂકવામાં આવશે.

૧૮. રાજ્ય સ્તરીય પ્રથમ ક્રમાંક મેળવનાર તેમજ દરેક જિલ્લામાં પ્રથમ ક્રમાંક મેળવનારને શ્રીરામકૃષ્ણ આશ્રમ, રાજકોટ દ્વારા **રવિવાર, ૦૫/૦૨/૨૦૨૩** ના રોજ યોજાનાર સમારંભમાં પુરસ્કાર એનાયત કરવામાં આવશે.

૧૯. આ સ્પર્ધા અંગે વધુ માર્ગદર્શન માટે અત્રેની ઑફિસમાં સવારે ૦૯.૦૦ થી ૧૨.૦૦ તથા બપોરે ૦૩.૦૦ થી ૦૬.૦૦ દરમ્યાન **મોબાઈલ નં.** ૬૩૫૫૩૩૧૩૪૦/૯૬૦૧૫૦૦૭૫૦ ઉપર સંપર્ક કરવો.

૨૦. આ ક્વિઝ સ્પર્ધાનાં સંચાલન માટે સંચાલક સમિતિનો નિર્ણય દરેક બાબતમાં આખરી રહેશે.

**અંદાજિત સમયપત્રક**

| | | |
|---|---|---|
| ૧ | પ્રવેશપત્રોને **D.D.** અથવા રાષ્ટ્રીયકૃત બેન્કના **A/c Payee cheque** સાથે શ્રીરામકૃષ્ણ આશ્રમ, રાજકોટ ખાતે મોકલવાની અંતિમ તારીખ: | ૧૦/૦૯/૨૦૨૨, શનિવાર |
| ૨ | શાળાને પુસ્તકો મળવાની અંતિમ તારીખ: | ૦૮/૧૦/૨૦૨૨, શનિવાર |
| 3 | સ્પર્ધકોને શાળા દ્વારા પુસ્તક આપવાની અંતિમ તારીખ: | ૧૯/૧૦/૨૦૨૨, બુધવાર |
| ૪ | **શાળા કક્ષાએ લેખિત સ્પર્ધા યોજવાની તારીખ (સમય: સવારે ૧૧.૦૦ થી ૧૨.૦૦):** | ૨૪/૧૧/૨૦૨૨, ગુરુવાર |
| ૫ | સ્પર્ધાનું પરિણામ શ્રી રામકૃષ્ણ આશ્રમ, રાજકોટનાં સરનામે મોકલવાની અંતિમ તારીખ | ૩૧/૧૨/૨૦૨૨, શનિવાર |
| ૬ | **જિલ્લા કક્ષાની સ્પર્ધા યોજવાની તારીખ (સમય સવારે ૧૧.૦૦ થી ૧૨.૦૦):** | ૧૭/૦૧/૨૦૨૩, મંગળવાર |
| ૭ | જિલ્લા કક્ષાની સ્પર્ધાનું નામ જાહેર થયાની તારીખ: | ૨૬/૦૧/૨૦૨૩, ગુરુવાર |
| ૮ | રાજ્ય કક્ષા તથા દરેક જિલ્લા કક્ષાના વિજેતાઓ માટે પુરસ્કાર વિતરણ સમારંભની તારીખ | ૦૫/૦૨/૨૦૨૩, રવિવાર |